ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૧-૨૦૧૨, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### સંતપુરૂષોનો સત્સંગ યુવાશક્તિને સાચી દિશા ચીંધે છે

ગુજરાતના સાંસ્કૃતિક નેતૃત્વની નોંધ પ્રમાણમાં ખૂબ ઓછી લેવાઇ છે. ગાંધીજી અને સરદાર પટેલ પછી કયારેક ધીમેથી મહર્ષિ દયાનંદ સરસ્વતીનું નામ જરૂર લેવાતું રહ્યું છે પણ ગુજરાતમાં ધર્મ-સંસ્કૃતિની એવડી મોટી ધરોહર છે કે એકલા દયાનંદનું નામ લેવાથી આ ક્ષેત્રે સેવારત પુણ્યવંતી પ્રતિભાઓને ન્યાય મળવાની સંભાવના ઘણી ઓછી રહે છે. સ્વામી વિવેકાનંદને પણ ગુજરાતે ભરપૂર સહયોગ અને પ્રોત્સાહન આપ્યું હતું.

અમેરિકાની ઐતિહાસિક ધર્મસંસદમાં જવા માટેની પ્રેરણા અને આર્થિક જોગવાઇ મહદંશે ગુજરાતના ધર્મપ્રેમી રાજવીઓ અને મણિલાલ નભુભાઇ જેવા સાક્ષરને આભારી હતી. ગુજરાતમાં આવીને ધર્મક્ષેત્રે ક્રાંતિ કરનારા, સહજાનંદ સ્વામીને દેશ અને દુનિયા ભગવાન સ્વામિનારાયણ તરીકે ઓળખાવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયની એક પાંખ - બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થાના વડા પ્રમુખ સ્વામી મહારાજનો જગતભરમાં આદર્શ ભારતીય સંત તરીકે ડંકો વાગે છે. એટલે કેવળ કર્મકાંડ નહીં પરંતુ જીવનને એક સાર્થક ઊંચાઇ પર છેવાડે પહેલા માનવીની ચિંતા કરવાની શીખ આપનારા સ્વામિનારાયણી સંતોને હિંદુ ધર્મને વિશ્વધર્મનો દરજ્જો અપાવ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદથી એમના ગુરૂ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા સ્થપાયેલી 'યુવા પ્રવૃત્તિ'નું સતત સંવર્ધન થતું રહ્યું છે. સાઠ વર્ષ અગાઉ ફક્ત છ યુવાનોથી શરૂ થયેલી આ યુવા પ્રવૃત્તિ વિશ્વભરમાં પ્રસરી છે અને એમાં સાઠ હજાર જેટલાં યુવક-યુવતી સક્રિય છે. સ્વામી ઈશ્વરચરણદાસજી કહે છે તેમ યોગીજી મહારાજના સંકલ્પમાં કેટલું બળ હશે, એની આ પ્રતીતિ છે. અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે આ યુવાપ્રવૃત્તિના ષષ્ઠીપૂર્તિ ઉત્સવ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વાજબી નિરીક્ષણ કરતાં કહ્યું કે જે કામ ઘણા પ્રયત્નો પછી પણ સરકાર નથી કરી શકતી તે સંતો એમનાં સંકલ્પ માત્રથી કરી શકે છે. અનેક વૈશ્વિક સમસ્યાઓનો આખરી ઉકેલ આધ્યાત્મિક વિભૂતિઓ પાસેથી મળી શકે છે.

ભારત એકવીસમી સદીનું 'યુવારાષ્ટ્ર' છે. દેશની પાંસઠ ટકા વસતિ પાંત્રીસ વર્ષથી ઓછી વયની હોય ત્યારે એ પ્રચંડ યુવાશક્તિને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો ધાર્યા પરિણામ મેળવી શકાય અને કયારેક ભૂતકાળમાં ભારતને 'વિશ્વગુરૂ'નું જે બિરૂદ પ્રાપ્ત થયેલ હતું તે સ્થિતિએ પહોંચી શકાય. પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે વિડિયો કૉન્ફરન્સથી ઉપસ્થિત યુવાધનને સંબોધી આશીર્વાદ આપતાં કહ્યું હતું કે યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજે જેવી દઢતા રાખી હતી એવી દઢતા આપણે પણ રાખવી જોઇએ. જીવનમાં દૂષણ ન પ્રવેશે એ માટે સત્સંગ જરૂરી હોવાના મુદ્દા પર એમણે વિશેષ ભાર મૂક્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયે દુનિયભરમાં સત્સંગ કેંદ્રો શરૂ કરીને યુવાપેઢીને વ્યસનમુક્ત અને કર્મનિષ્ઠ બનાવવાની અત્યંત મહત્ત્વપૂર્ણ સેવા કરી છે. પ્રમુખ સ્વામી જેવા સંતોની ઉપસ્થિતિ જ અનેક પડકારો વચ્ચે જીવતી માનવજાત માટે આશા ભર્યાં ઉજળા ભવિષ્યની એંધાણી બની રહે છે.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ વિવિધ પ્રવૃત્તિઓમાં મોખરે

ગાંધીનગર, તા. ૯

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની એન.સી.સી. ના ગુજરાત ગર્લ્સ બટાલિયન યુનિટનો કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કુ. ધારા કેયુરભાઇ રામીએ નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ મેળવેલ છે. વિષય 'મતદાનનું મહત્ત્વ' હતો.

એસ.વાય.બી.એ. ના કુ. વનિતા વી. બલદાણીએ સિનિયર વૉલીબોલ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવેલ છે. આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી એન.સી.સી. યુનિટના પ્રા સોનલ મોદીએ શુભેચ્છા પાઠવી હતી.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર દ્વારા માણેકલાલ પટેલ મેમોરીયલ મેરીટ સ્કૉલરશીપ એનાયત કરાશે

### વિદ્યાર્થીઓને ૮૫ લાખથી વધુ રૂપિયાની મેરીટ સ્કૉલરશીપ એનાયત કરાશે

ગાંધીનગર,તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના પૂર્વ ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટ સ્વ. માણેકલાલ એમ.પટેલની સ્મૃતિમાં 'સ્વ. શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ મેરિટ સ્કૉલરશીપ' વિતરણ સમારોહ તથા 'શ્રી માણેકલાલ એમ. પટેલ' વ્યાખ્યાનમાળા તા.૧૨ જાન્યુઆરીના રોજ ગાંધીનગરમાં યોજાશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા સંચાલિત વિવિધ વિદ્યાશાખાઓમાંથી પસંદ પામેલા ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓને 'માણેકલાલ મેમોરીયલ મેરીટ સ્કૉલરશીપ'એનાયત કરવા સમારોહનું આયોજન સેકટર-૨૩માં આવેલશ્રી ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ હૉલમાં તા.૧૨ જાન્યુઆરીના રોજ સવારે ૯.૦૦ કલાકે એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત કેળવણી મંડળ દ્વારા પ્રતિવર્ષ તેજસ્વી વિદ્યાર્થીઓ જે આર્થિક રીતે સંપન્ન ન હોય તેવા ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને ફી માફી કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, કડવા પાટીદાર મંડળ સહિત વિવિધ સંસ્થાઓના પ્રમુખ, મંત્રીશ્રીઓ, સંસ્થાના દાતાશ્રીઓ, સભ્યશ્રીઓ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા 'શ્રી માણેકલાલ એમ. પટેલ વ્યાખ્યાનમાળા'નું આયોજન તા. ૧૨ જાન્યુઆરીના રોજ સાંજે ૪.૦૦ કલાકે, સેકટર-૧૫માં આવેલ એલ.ડી.આર.પી. એન્જિનીયરીંગ કોલેજ, સભાખંડ ખાતે યોજાશે. વ્યાખ્યાનમાળાના વકતા તરીકે આંતરરાષ્ટ્રીય કેળવણીવિદ્ ડૉ.રવીન્દ્ર દવે 'આધુનિક ઉચ્ચ શિક્ષણના કેટલાક મૂળભૂત પ્રશ્નો' વિશે વ્યાખ્યાન આપશે. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે સંસ્થાના વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્તભાઈ જહા ઉપસ્થિત રહેશે.




ગાંધીનગર નજીક સરઘાસણ ખાતે આવેલ મંદબુદ્ધિશાળામાં પાર્થ ઠક્કર, ઠક્કર નિલેશ અને તુષાર કોટક અન્ય ૪૦થી વધારે સ્ટુડન્ટ ઇન સ્કૂલના મેમ્બરોએ મંદબુદ્ધિના બાળકોને એક ડી.જે. પાર્ટી તેમજ ફ્રુટ કેક ખવડાવી હતી તે પ્રસંગની તસવીર.

## ચૌધરી કૉલેજમાં નેચરોપથીનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૯

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં હોમ સાયન્સ વિભાગ અને એન.એસ.એસ. યુનિટનાં ઉપક્રમે નેચરોપથીના તજજ્ઞ જિતુભાઈ પંચાલનું વ્યાખ્યાન યોજાયું હતું. યોગ, પ્રાણાયામ અને હળવી કસરતના માહિતગાર કરેલ હતા. નેચરોપથી અને ડાયેટ વિશે જાણકારી આપી હતી. એન.એસ.એસ. ઓફિસર એન.કે પટેલ હોમ સાયન્સના, પ્રા. પ્રતિમાબેન છનિયારાએ આયોજન કરેલ હતું. આભારવિધિ કું. વૈશાલી ચૌધરીએ કરેલ હતી.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૯

લોન ડોઝ બોલ ફેડરેશન ઈન્ડિયા દ્વારા મુંબઇ ખાતે લોન ડોઝ બોલ ચેમ્પિયન શીપની ટુર્નામેન્ટનું આયોજન થયેલ હતું. જેમાં ગુજરાત ખાતે માત્ર જી.આઇ.પી.એસ હાઇસ્કૂલ રાંધેજાએ ભાગ લીધો હતો. મિલન રાઠોડ, પાર્થ બારોટ, ચૌધરી રીયાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ હતો. ૧૮ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન સર્ટીફિકેટ પ્રાપ્ત કરેલ છે. કોચ તરીકે રાવલ વિક્રમભાઇ, મેનેજર તરીકે ચૌધરી ભાવનાબેનને બુકે અને ટીશર્ટ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્કૂલના વિદ્યાર્થીઓને ગુજરાતનું ગૌરવ વધારેલ છે. આચાર્યશ્રી રંજનબેન વૈદ્ય, ટ્રસ્ટીશ્રી રાજુભાઇ ચૌધરી અને અરવિંદભાઇ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

## સ્પર્ધાત્મક પરીક્ષાના ઈન્ટરવ્યૂની તાલીમ નિઃશુલ્ક અપાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર વણકર સમાજના સુધીર ચંદ્રરાવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા એસ.સી., એસ.ટી.ના ઉમેદવારોને મૌખિક પરીક્ષાની તાલિમ વિના મૂલ્યે અપાશે. આ તાલીમ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ આજે કિશોરભાઈ પરમારનો સંપર્ક કરવો.

સરકારી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા એસ.સી., એસ.ટી.ના ઉમેદવારોને મૌખિક પરીક્ષા-ઈન્ટરવ્યૂની તૈયારી વિના મુલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ આજે તા.૧૦મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ કિશોરભાઈ પરમારનો પ્લોટ નં. ૧૨૬૭/૨, સેકટર-૪-સીનો સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૭ સુધી સંપર્ક કરવો અને પોતાના નામનું રજીસ્ટ્રેશન કરાવી લેવું. આ અંગેની વધુ વિગતો મો.નં. ૯૩૭૪૦ ૯૭૭૨૫ પર સંપર્ક કરવાથી મળી શકશે.

## સરકારી પ્રાથમિક શાળા ચરેડી ખાતે સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

ભારતીય રાષ્ટ્રીય પ્રેરણાત્મક યુવા પરિષદ દ્વારા આયોજીત સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ મહોત્સવ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના પેથાપુર પાસેના ચરેડી સરકારી પ્રાથમિક શાળા ખાતે તા. ૧૨મી જાન્યુઆરી ૨૦૧૩ને શનિવારે સવારે ૧૧.૩૦ કલાકે તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ મહોત્સવ અંતર્ગત તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ અને સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ ચરેડી-સરકારી પ્રાથમિક શાળા, પેથાપુર ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે શાળાની બાળાઓ વકતૃત્વ સ્પર્ધા, લોકગીત, ગરબા, નાટક વગેરે રજૂ કરશે. કાર્યક્રમ દરમિયાન ગામની વિશિષ્ટ પ્રતિભાઓનું પણ સન્માન કરવામાં આવશે.




બીચારાને મારશો નહીં, ... છોકરું છે... સોના મઢેલી - હીરાની કાર લેવા જીદ તો કોઈપણ કરે જ ને...!

## પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનું ગૌરવ



ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કૉલેજ ખેલકૂદ સ્પર્ધા ટી.એસ. આર્ટસ કૉલેજ કોઠંબામાં યોજાઇ હતી. જેમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ગુજરાતીની વિદ્યાર્થીની કુ.આશા ફૂલાભાઇ ચૌધરી ૧૦૦ મી. દોડ ૧૪.૦૧ સેકન્ડમાં, ૨૦૦ મી. દોડ ૨૯.૦૬ સેકન્ડમાં - પ્રથમ ક્રમે અને ૪૦૦ મી. દોડમાં દ્વિતીય ક્રમે વિજેતા બનેલ છે. જેને બેસ્ટ વિમેન એથલેટીક જાહેર કરવામાં આવી હતી.

વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટીમાં પણ પસંદ થયેલ છે. કૉલેજનું ગૌરવ વધારેલ છે. પ્રમુખ એમ.કે.ચૌધરી તથા ટ્રસ્ટીઓ આચાર્યાશ્રી ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યાં છે.

## ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ વિવિધિ સ્પર્ધામાં ઝળકી

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ એ દેવગઢ બારિયા મુકાયે યોજાયેલ યુનિવર્સિટી એથલેટિક્સ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. જેમાં ગાયત્રી બી. પટેલએ ચક્ર ફેંક, ભાલા ફેંકમાં પ્રથમ અને ગોળા ફેંકમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે. કુ. કિંજલ કે. પટેલ ઊંચી કૂદમાં તૃતીય સ્થાન, કુ. ડાયના ગજ્જર - ૮૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધારેલ છે. કૉલેજ તથા સ્ટાફ પરિવારે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવેલ છે.

## શેઠ સી.એમ. હાઇસ્કૂલ 'આયના' ક્વિઝ સ્પર્ધામાં વિજેતા બની

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કૉલેજ ઑફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન દ્વારા 'આયના' સામાન્ય જ્ઞાનનાં ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શેઠ.સી.એમ. હાઇસ્કૂલની બે ટીમે ભાગ લીધો હતો. ત્રિવેદી મીત હિતેશકુમાર એસ. મહેન્દ્રકુમાર પટેલ, પાર્થ પિયૂષભાઇ પટેલે દ્વિતીય ક્રમે વિજેતા બનીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

## ૧૨ વર્ષની અંદર બાળકોની સ્પર્ધાનું આયોજન

રાજ્ય સરકાર દ્વારા ૧૨ વર્ષની નાની વય જૂથના શાળાઓમાં ભણતા ખેલાડીઓ માટેની જિલ્લા કક્ષાની રમતોની સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં બેડમિન્ટન, યોગાસન, જિમ્નાસ્ટ્રીક, સાંઇ, સેકટર-૧૫, જૂડો, સેકટર-૭, જે.એમ.ચૌધરી હાઇસ્કૂલ, ટેબલ ટેનિસ, સ્કેટીંગ, ટેનિસ, સ્કૂલ ઑફ અચિવર્સ, કુડાસણ, સ્વીમીંગ - ઓમલેન્ડ માર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે તા. ૧૨મી જાન્યુઆરીએ યોજેલ છે. એચ.બી. સાવલીયા, સીનીયર કોચ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગરે જણાવેલ છે.

## ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ દ્વારા મૌન રેલી યોજી

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ દ્વારા દિલ્હી ગેંગરેપ પીડિત યુવતીને શ્રધ્ધાંજલી આપવાના ભાગરૂપે મૌન રેલી કેમ્પસમાં યોજી હતી. 'તમારી દીકરીને બહાર જતાં ન રોકો, તમારા પુત્રોને માણસાઇ શીખવાડો, એ ઊંઘી ગઇ આપણને જગાડી ગઈ' જેવા બેનરો લઇને વિદ્યાર્થીનીઓએ બ્લેક એન્ડ વ્હાઇટ ડ્રેસમાં મૌન રેલી યોજી હતી.

## ઉત્તરાયણ પહેલાં ચૂંટણીના 'પતંગોત્સવ'માં ઘણાના પતંગ ચગ્યા જ નહીં, ઘણાના ઊંચે ઊંડીને પછડાયા... ઘણાના પતંગ ચગ્યા ને ઘણાના ભર હવામાં ઊંચે જઇને કપાયા...

### 'કાકા તમે આ 'વાઈબ્રન્ટ ગુજરાત'માં તમારા હુન્નરનું એમ.ઓ.યુ. કરી નાખો...'

### ગુરુવારની ગપસપ

\- પ્રકાશ લાલા

'મનુભાઇ, ઘરમાં છો કે નહીં, યાર?' કહેતા, રોજ સવારે અમારી મફતિયા ચા પીવાને મફતિયા છાપું વાંચવા આવી જવા (કુ)ટેવાયેલાં મફતકાકા - સૉરી લાલાકાકાએ અમારા કંપાઉન્ડમાં એન્ટ્રી મારી.

આ 'રેડ અંકલ' યાને કે લાલાકાકા એટલા નિષ્પૃહી, નિરભિમાની અને સાદા કે યજમાનના આવકારની અપેક્ષા રાખ્યા વિના જ, (માન ના માન, તે તેરા) મહેમાન બનીને આવી જાય...

એમ રાબેતા મુજબ અંકલ આવીને અમારા હિંચકે અમારી બાજુમાં આવીને ગણપતિની જેમ ગોઠવાઇ ગયા અને બબડ્યાં : 'પતી ગઇ... મનુભાઇ, પતી ગઇ!!'

'શું?' અમે પૂછ્યું...

'કેમ મનુભાઇ, કાન ગયા છે? મેં કીધું તે સાંભળ્યું નહીં?' લાલાકાકાએ ઉધડો લીધો ને પછી પાછું બબડ્યાં : 'પતી ગઇ...'

'કાકા, તમે ગુજરાતી ભાષાનું સત્યાનાશ ના વાળો, પતિ ગઇ નહીં, પતિ ગયો કહેવાય. કોનો પતિ જતો રહ્યો, હેં? આપણા ચોકઠામાંથી કોઇ નો કે સેકટરમાંથી?'

'મનુભાઇ, તમે મને ભાષા ને વ્યાકરણ શીખડાવશો, હેં? તમે યાર સાહિત્ય અકાદમીના કાર્યક્રમોમાં ને સાહિત્ય પરિષદની મિટીંગોમાં જવાનું બહુ ના રાખો.'

'એવું નથી પણ પતિ તો ગયો જ કહેવાય, લાલાકાકા.'

'એ તો મનેય ખબર છે કે પતિ કહેતાં કોઇનો વર જતો રહ્યો હોય તો પતિ ગયો કહેવાય...'

'હાસ્તો...'

'શું હાસ્તો...? હું તો એમ કહું છું કે ચૂંટણી પતી ગઇ. એને પતી ગઇ કહેવાય કે નહીં?'

'હા. ચૂંટણી પતી ગઇ કહેવાય. પણ અંકલ, ચૂંટણી પતી પેલા ઘણાય પતી ગયા એમેય કહેવાય, હોં...' એમ કહ્યું.

અમારી વાતમાં સૂર પૂરાવતા અંકલ ઉવાચ : 'મનુભાઇ, ઘણાં ચૂંટણી પહેલાં પતી ગયા, ઘણા ચૂંટણીમાં પતી ગયા... ને ઘણાં ચૂંટણી પછી પતી ગયા. ખરૂં ને?'

'કંઇ સમજાયું નહીં.' અમે લાલાકાકાના ગુગલી બોલને ન રમી શક્યા...

એટલે એમણે અમારા હાથમાંથી છાપાનો કબજો લેતાં કહ્યું : 'મનુભાઇ, છાપામાં જરા નજર નાખી દઉં ત્યાં સુધીમાં તમે અંદર ચાનો ઑર્ડર આપી દો... એટલે સમજાઉં...'

અમારા જ ઘરમાં અમને ઑર્ડર કરતા અંકલ ઉપર ગુસ્સો આવ્યો પણ લાલાકાકા એવા સ્થિતપ્રજ્ઞ છે કે એમની ઉપર અમારા રોષ, રીસ કર્યાની કયારેય અસર થતી નથી અને એમને જેમ ને જે કરવું હોય તે (નફફટની જેમ) કરતા જ રહે છે. એટલે અમે આખું છાપું લાલાકાકાના હવાલે કરી દીધું અને બૂમ પાડી : 'સાંભળો છો? લાલાકાકા આવી ગયા છે!!'

'એ તો એમનો ઘાંટો સાંભળીને ખબર પડી ગઇ છે.' અંદરથી અમારા શ્રીમતીજીનો ઉત્તર આવ્યો...

'તો એમના માટે...'

'ચા મૂકી દીધી છે...' અમે પૂરૂં કહીએ તે પહેલાં જ શ્રીમતીજીએ પૂરૂં કર્યું...

એટલે અમે અંકલને કહ્યું : 'લાલાકાકા, આ આવે જ છે... તમે તમારૂં વિધાન સ્પષ્ટ કરો.'

'જુઓ મનુભાઇ, ચૂંટણીની ટિકીટમાં કપાયા એ બદા ચૂંટણી પહેલાં પતી ગયા, હાર્યા એ ચૂંટણીમાં પતી ગયા કહેવાય અને જીત્યા પછીય જેમનું મંત્રીમંડળમાં પત્તુ કપાયું એ ચૂંટણી પછી કપાયા જ કહેવાયને...' કહેતાં રેડ અંકલ હસી પડ્યા ને હાસ્ય સાથે તાલ મિલાવતા હોય એમ ધબ્બો અમારી પીઠ પર માર્યો...

'ઓહ...' એમના ધબ્બા પ્રહારથી અમારાથી બોલાઇ ગયું...

'મનુભાઇ, આ ચૂંટણીમાં ઉત્તરાયણ પહેલાં જ 'પતંગોત્સવ' જોવાની મજા પડી ગઇ, હોં?'

'ચૂંટણીમાં 'પતંગોત્સવ?' રેડ અંકલના બાઉન્સર બોલથી અમે પાછા મૂંઝાયા...'

'ના સમજાયું? મનુભાઇ, ચૂંટણીમાં ઘણાના પતંગ ચગ્યા પહેલાં જ ફસકી ગયા, ઘણાના પતંગ ઊંચે ચઢ્યા પણ બિન હવામાં જ રહ્યાં, કેટલાકના ઉપર આવીને પછડાયા, ઘણાના ચગ્યા પછી કપાયા... કહેતાં પોતાના જૉક પર હસતાં હોય એમ કાકાએ પાછું, લાઉડ સ્પીકર વગર જ લાઉડ હાશ્ય કરી મૂક્યું.'

ત્યાં આ આવી એટલે અમારા શ્રીમતીજીના હાથમાંથી ફટ દઈને કપ-રકાબી લઈ લેતાં બોલ્યા : 'આભાર...'

'કાકા, એમાં આભાર શેનો કહેવાનો?' શ્રીમતીજીએ વિવેક કર્યો એટલે અંકલ ઉત્સાહમાં આવી ગયા : 'સાચી વાત... જેમને પોતાનાં માનીએ, જયાં પોતાનું ગણીએ ત્યાં આભારના ભાર ના હોય...આ સાથે બિસ્કીટ કે ઠંડા મેથીનાં થેપલાં હોય તો જામે, નહીં?' કાકા બોલ્યાં.

શ્રીમતીજીના વિવેક વાક્યનો મનગમતો અર્થ કહી, મફતિયા આ સાથે મફતિયા નાસ્તાની ફરમાઇશ કરનારા લાલાકાકાએ બેશરમ કહેવા કે ભોળા તે અમને સમજાયું નહીં. શ્રીમતીજી અંદર ગયા એટલે ચાની ચુસ્કી લેતાં લાલાકાકા બોલ્યાં : ચૂંટણી એટલે એમાં ઝૂકાવનારા માટે જંગ ને લોકો માટે તો ઘરે બેસીને જુઓ તમાશો... કોઇ વળી કહે છે કે ચૂંટણી એટલે એકબીજાનું વસ્ત્રાહરણ, તમે કર્યું તે છીનાળું ને અમે કર્યું તે લીલા, ને તમે ખોટા - અમે સાચાનું પરસ્પર કોરસ ગાન... જો જનતા જનદિન માટે લટકતુ ગાજર...

'સાવ સાચું કહ્યું, અંકલ'

'આ અંકલ કદી ખોટું બોલતાં જ નથી, મનુભાઇ...' કહેતાં લાલાકાકાએ પાછી ચાની ચુસ્કી મારી... ત્યાં શ્રીમતીજીની ખારી પૂરીની પ્લેટ સાથે પધરામણી થઇ... એ જોઇને ખુશ થઇ જતાં રેડ અંકલે કહ્યું : 'થેન્ક્યુ... ઓહ, સૉરી... એમ કહીને હું જ પાછો તમને આ ઘરને પારકાં ગણું એ સારૂં નહીં.' ને પૂરીની પ્લેટ લઇ એ ચાલુ પડી ગયા... એકાદ પૂરી ઝાપટી ગયા પછી કહે : 'ખારી પૂરીની મજા તો ચા સાથે જ... આવે... આજે તો ચા પીવાઇ ગઇ છે એટલે નાસ્તો ચા વગર ચાલશે... કાલથી જરા ધ્યાન રાખજો...'

અમે ને અમારાં શ્રીમતીજી રેડ અંકલની હરકત પર લાલપીળાં થઇ ગયાં... પણ અંકલને એ જોવાની ફૂરસદ કયાં હતી? એ તો મશગૂલ હતા ખારી પૂરીને પૂરી કરવામાં...

અમે પાછું છાપું વાંચવા માંડ્યું... ત્યાં જ 'ઓહિયા' કહી કાકાએ છાપું ખેંચી લીધું ને એમની વાતો આગળ ચલાવી : 'મનુભાઇ, બીજા શા ખબર છે?'

'કંઇ નહીં... ચારે કોર અત્યારે તો વાઇબ્રન્ટ... વાઇબ્રન્ટ ચાલે છે...' અમારે કંઇક બોલ્યા વિના છૂટકો ન હતો...

'હા... બધા ય ધ્રૂજે છે! એક તો કાતિલ ઠંડીની અસરથી સૌ ધ્રૂજે છે અને બીજું 'વાઇબ્રન્ટ ગુજરાત'ના વાઇબ્રેશન્સ ધ્રૂજાવી જાય છે...'

લાલાકાકાએ ચલાવ્યું : 'આજકાલ જેને પૂછો એ કહેશે વાઇબ્રન્ટ ગુજરાત... વાઇબ્રન્ટ ગુજરાત... પેલા કુલકર્ણીને કહ્યું કે કેમ, આંકડા પરિષદમાં કેમ દેખાતો નથી, તો કહે હમણાં ટાઇમ જ નથી... વાઇબ્રન્ટ છે ને?'

કર્મચારીઓને, અધિકારીઓ બધાં એમાં 'બિઝી' છે... કોઇકને કંઇક કામ કરવા કહીએ એટલે કહેશે : હમણાં વાઇબ્રન્ટ પતવા દો. પછી વાત...

'હં...' એમ અંકલની વાતમાં હોંકારો દીધો...

'તે મનુભાઇ, સરકારી માણસોની વાત જવા દો... આજકાલ તો મંડપવાળા, બેનર્સવાળા, પેઇન્ટર્સ ને પ્રિન્ટીંગવાળા, લાઇટ્સ્ ને સાઉન્ડવાળા, અરે, આ નાસ્તાની લારીવાળા સૌ વાઇબ્રન્ટમાં ધંધે લાગ્યા છે, હોં?'

'તે સારૂં જ કહેવાય ને... 'વાઇબ્રન્ટ ગુજરાત''ના આયોજનનો મૂળ હેતુ જ ગુજરાતમાં મોટા પાયે રોજગારી ઊભી કરવાનો છે, ખરૂં કે નહીં, અંકલ?' 'હાં...'

'તો એના શ્રીગણેશ મોટા પાયે આ બધા લલ્લુજીઓ ને બલ્લુજીઓથી માંડીને બધાંને રોજગાર-ધંધા આપવાથી જ થાય છે એ જ 'વાઇબ્રન્ટ ગુજરાત'ની સિધ્ધિ કહેવાય!!'

'એય બહુ, હોં...' લાલાકાકો કબૂલવું પડ્યું, પછી એમણે ઉમેર્યું : 'મનુભાઇ, સાંભળ્યું છે કે આ ચૂંટણીમાં પરિવર્તન નહીં પણ પુનરાવર્તન' જ થાય તે માટે મંડપ-ડેકોરેશનવાળા, ફલૅક્ષ બેનર્સવાળા, પ્રિન્ટર્સ ને ઇવેન્ટ મેનેજમેન્ટવાળાઓએ બાધાઓ રાખી હતી?'

'હેં? ના... મને એવી કશી ખબર નથી...' અમે કહ્યું.

'રાખી હોય તો એમની બાધા ફળી જ છે... હવે પાછા ઉત્સવો - મહોત્સવોને મેળાઓ... એ બધાંને તો હવે પંચવર્ષીય યોજનાઓ ચાલવાની...' કહેતાં પાછા રેડ અંકલ પોતાની જ વાત પર જોરથી બબડ્યાં...

અંકલની ઢંગધડા વગરની વાતોથી કંટાળેલાં અમે અંકલની ફિરકી લેતાં કહ્યું : 'લાલાકાકા, આ 'વાઇબ્રન્ટ ગુજરાત'માં તમેય એકાદ એમ.ઓ.યુ. કરી નાખો...'

'હેં? શું કહ્યું?' લાલાકાકા ચમક્યા : 'હું એમ.ઓ.યુ. કરૂં? શેનું?'

'હા, તમારી પાસે હુન્નર છે તેનું?' અમે એમને પોરસાવ્યાં.

એટલે લાલાકાકાએ ફૂલાઇને કહ્યું, 'હા... મારી પાસે તો ઘણી આવડત ને ઘણાં હુન્નર છે... એમાંથી કયા હુન્નરના એમ.ઓ.યુ. કરૂં, મનુભાઇ?'

'વાતોમાં વડાં કરવાના હુન્નરના...' અમે ધીરેથી કહ્યું ને પછી હિંચકા પરથી ઊભા થઇ ગયા...